ગાંધીનગર સમાચાર

જિલ્લામાં ૧૨ પંચાયતો પ્રથમ તબક્કે સમરસ બનશે

# બેંકોમાં સળંગ ત્રણ દિવસની રજાથી શહેરમાં ભારે હાલાકી

## જે એટીએમમાં પૈસા છે ત્યાં લાંબી કતારો જોવા મળી : પૈસાના અભાવે ગાંધીનગરાઓ રજાનો આનંદ ન માણી શકયા

ગાંધીનગર, તા.૧૧

નોટબંધીના સમયગાળામાં જ બેંકોમાં સળંગ ત્રણ દિવસની રજાઓ આવી જતા ગાંધીનગરના નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. લોકો પાસે ખર્ચ માટે પુરતા પૈસા ન હોવાથી ત્રણ દિવસની રજાનો આનંદ તેઓ માણી શકયા ન હતા. જયાં પૈસા હતા તે તમામ એટીએમ પર ભારે ભીડ જોવા મળી હતી. નોટબંધીને એક મહીનો થયો હોવા છતાં હજુ સુધી રોકડની તરલતાની સ્થિતિ યથાવત બની નથી. સામાન્ય નાગરિકો પૈસા મેળવવા એક સ્થળેથી બીજા સ્થળે ધક્કા ખાય છે અને બેંકોની કતારોમાં ઉભા રહે છે. આ દરમિયાન જ સરકારી કચેરીઓમાં અને બેંકોમાં સળંગ ત્રણ દિવસની રજા આવી જતા વસાહતીઓને ખુબ તકલીફો પડી રહી છે.

બેંકોમાં બીજા ચોથા શનિવાર-રવિવારની રજાઓ જાહેર કરવામાં આવ્યા બાદ આ સપ્તાહે શનિ-રવિવારની રજા ઉપરાંત સોમવારના રોજ ઈદે-મિલાદ રજા જાહેર કરતાં બેંકો અને સરકારી કચેરીઓમાં સળંગ ત્રણ રજાઓ થઈ ગઈ છે.

બેંકોમાં સળંગ ત્રણ દિવસની રજાઓ આવતાં લોકોને ભારે હાલાકીનો સામવો કરવો પડી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



વાયબ્રન્ટ ઈફેક્ટ - આગામી મહિને યોજાનાર વાયબ્રન્ટ સમિટના પગલે શહેરમાં મરામત-સુધારણાનું કામ યુદ્ધના ધોરણે આરંભાયું છે... સેન્ટર વર્જ હોયકે, સ્વર્ણિમ પાર્ક હોય, ફૂટપાથ હોય કે માર્ગો હોય.. વૃક્ષની ડાળીઓ હોય કે, સાઈન બોર્ડ હોય... આખેઆખુ તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગી ગયું છે... રવિવારે સવારથી ચ-માર્ગ અને ઘ-માર્ગોના વૃક્ષોનું ટ્રીમીંગ વ્યાપક રીતે કરાયું હતું...

# આગામી દિવસોમાં કાતિલ ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા કેટલાક દિવસોથી સાંજ પછી શહેરમાં ઠંડીનું જોર વધી જાય છે. હજુ આગામી દિવસોમાં ભારે ઠંડી પડવાની સંભાવના છે. ડિસેમ્બરના અંતિમ દિવસોમાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં કાતિલ ઠંડી પડશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે હાલમાં ઉત્તર ભારતના ભાગો તેમજ રાજ્યના ભાગોમાં ઠંડી વર્તાઈ રહી છે. ત્યારે ઉત્તર ભારત અંગે જોતાં ધુમ્મસથી જનજીવન પણ ખોરવાયું છે. વાહન વ્યવહાર તેમજ હવાઈ ઉડ્ડયનો પર પણ તેની અસર થવામાં છે અને મહત્તમ ઉષ્ણતામાનમાં પણ ઘટાડો થવામાં છે ત્યારે આગામી દિવસો અંગે ઠંડી અંગે જોતાં ઠંડીમાં વધઘટ રહેવાની શક્યતા રહે. વાદળો આવવાની પણ વકી રહે અને વાદળો વિખરાતાં ઠંડીની અસર જણાય. તા. ૧૬ સુધીમાં ઉત્તર ભારતના ભાગો તેમજ પશ્ચિમ ભારતમાં વાદળવાયુ જણાય અને ઠંડીની અસર પણ થવાની વકી રહે. જ્યારે તા. ૨૧ ડીસે.થી ભારે હિમવર્ષાની વકી રહેતાં હિમાલયના ભાગો સફેદ બરફની ચાદરમાં આચ્છાદીત થઈ જાય અને કાતીલ ઠંડી જમ્મુ-કાશ્મીર, દિલ્હી, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગો તેમજ મધ્યભારતના ભાગો અને બિહાર વિગેરે ભાગોમાં કાતીલ ઠંડીની વકી રહે. ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ ગાત્રો થીજવતી ઠંડીની વકી રહે. તા. ૨૬ ડીસે.થી ૨૮ ડીસે.માં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ શખત ઠંડી વર્તાય. કોઈ કોઈ ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહે. જોકે આ ઠંડીથી ઉભા કૃષિમોલ સારા થવાની ગણતરી રહે. વૈશ્વિક પર્યાવરણમાં પણ ભારે ફેરફાર થાય, અમેરીકા, યુરોપ વિગેરે દેશોમાં વરસાદ, પવનના તોફાનો અને કાતિલ ઠંડીથી જનજીવન પર ઘેરી અસર પડે. જમ્મુ-કાશ્મીર તેમજ હિમાચલના ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૦ ડીગ્રી સેલ્સીયસથી પણ ઘણુ નીચુ જવાની વકી રહે. આ આગાહી કૃષિપાકો અંગે મહત્તમ અંશે જણાવેલ છે.

# પ્રયોગશીલ ખેતીને પ્રોત્સાહિત કરી ગુણવત્તાસભર ઉત્પાદન મેળવીએ

## કૃષિ વિકાસ અને ગ્રામ સેવકોની કામગીરીની સમીક્ષા બેઠકને ડીડીઓ દેસાઈનું સંબોધન

ગાંધીનગર, તા. ૧૧

પ્રયોગશીલ ખેતીનો પ્રોત્સાહિત કરીએ અને ખેડૂતને




ઉત્પાદનલક્ષી નહિ ગુણવત્તાસભર ઉત્પાદન માટે સહયોગ આપવાનું વલણ અપનાવીએ તેવી શીખ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જિલ્લાના ગ્રામસેવકોને આપી હતી.

જિલ્લામાં કૃષિ વિકાસ અને ગ્રામ સેવકોની કામગીરી સહિતની સમીક્ષા માટે યોજાયેલી બેઠકમાં દેસાઈએ કહ્યુ કે લક્ષ્યાંકો એ ખેડૂતો પાસે પહોંચવાની કડી છે ખેડૂત પ્રયોગશીલ બને તે પણ જોવાની પ્રાથમિક ફરજ છે. પરંપરાગત ખેતીની સાથે નવિન એગ્રીકલ્ચરલ ટેકનોલોજીનો પણ સમન્વય થવો જોઈએ.

તેમણે કહ્યું કે ખેડૂત સાથે અધિકારી કે કર્મચારી તરીકે નહિ પણ પરિવારના સભ્ય બની તેના ઉત્સાહને વધારીશુ તો ઘણી બધી નવી ખેતી પદ્ધતિઓ અને નાવિન્યતા આપણને પણ જાણવા મળશે. અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષક છે એ વાત ભુલશો નહિ ખેડૂત પાસે અનુભવનું ભાથુ છે અને તે અનુભવનો લાભ ઉત્પાદનો થકી સમાજ સુધી પહોંચતો કરીએ.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૨ પંચાયતો પ્રથમ તબક્કે સમરસ બનશે

## ૨૦ જેટલી પંચાયતો સમરસ બને તેવું અનુમાન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં ૧૨ જેટલી પંચાયતો સમરસ થશે તેવું અનુમાન રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો ગઈ કાલે અંતિમ દિવસ હતો. આ પછી પંચાયતના વિશ્લેષકો દ્વારા ચાલી રહેલી ચર્ચામાં ૧૨ જેટલી પંચાયતો સમરસ થશે તેવું સ્પષ્ટ બની ચુકયું છે.

જે ૧૨ પંચાયતો સમરસ થઈ રહી છે તેમાં દહેગામમાં ૭, માણસામાં ૪ અને કલોલમાં એક પંચાયત સમરસ થશે તેવું અનુમાન છે. જો કે આ આંક ૨૦ સુધી જઈ શકે તેવી વાતો પણ ચર્ચામાં છે.

આંકડા વિશ્લેષકોની વાત માનીએ તો ૧૫૦ જેટલા વોર્ડ બિનહરીફ થશે. આ વોર્ડમાં માત્ર એક જ ઉમેદવારનું ઉમેદવારી પત્ર આવ્યું છે. જો કે હવે સૌની નજર મંગળવાર પર ટકી છે. મંગળવારે ચકાસણીની પ્રક્રિય થશે અને બુધવારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે બેઠકોનો દોર ચાલી રહ્યો છે તે જોતાં જિલ્લામાં ૨૦ જેટલી પંચાયતો સમરસ બની શકે છે. ૧૨ જેટલી પંચાયતોમાં માત્ર ૧-૧ ઉમેદવારી પત્ર જ ભરાયું છે.

જિલ્લામાં બંને રાજકીય પક્ષો ચૂંટણી બને ત્યાં સુધી ટાળવા અને તેમની પક્કડ જળવાઈ રહે તે રીતે આગળ વધી રહ્યા હોવાથી બુધવારે જ આખુ ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે.

મંગળવારે ઉમેદવારોની ચકાસણી પ્રક્રિયા થશે અને બુધવારે બપોરે ત્રણ વાગ્યા પછી હરિફ ઉમેદવારોની આખરી પ્રસિધ્ધિ બાદ ચુંટણી પ્રચાર જામશે.

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદમાં ફાસ્ટફુડમાં પણ ઈ-વોલેટની શરૂઆત

અમદાવાદ, તા.૧૧

નોટબંધીના નિર્ણયને એક મહિના જેટલો સમય લાગ્યો. શરૂઆતમાં લોકો બેંકમાંથી પૈસા ઉપાડવા અને જમા કરાવવા માટે પડા પડી કરતા હતા. ત્યારે આજે થોડો માહોલ શાંત થયો છે. પૈસાના અભાવના કારણે કેટલાંય ખોટા ખર્ચ બંધ કરવાનો વારો પણ આવ્યો. તો મની ક્રાઈસીસને પહોંચી વળવા કેટલાંક લોકોએ ઈ વોલેટ જેવા સિસ્ટમને આવકારી. ખાસ કરીને આજે માર્કેટમાં પેટીએમ, ઈ વોલેટ વગેરેનું ચલણ વધવા લાગ્યુ. પહેલા લોકોએ નોટબંધી થતા અફરા તફરી મચાવી હતી. પરંતુ એનો પણ એક રસ્તો કેટલાંક લોકોએ અપનાવી દીધો છે. સવારથી જ અમદાવાદના રસ્તાઓ પર વિવિધ ફાસ્ટફુડની

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી
કાન્તીલાલ શંકરલાલ રામી
ગાંધીનગર, (પ્રેમપુરવાળા) તા. ૬-૧૨-૨૦૧૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું-સૂતક તા.૧૨-૧૨-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
સ્થળ : ૧૬૨૯/૧, સેક્ટર ૨-ડી, ગાંધીનગર
મો.૯૭૨૩૮ ૧૨૩૫૦
લી. રાજેશ કે. રામી ધર્મેશ કે. રામી

હૃદયાંજલિ

સ્વ. રશીલાબેન રજનીકાંત બુચ
સ્વ. તા.૧૨/૧૨/૨૦૧૫
એક વર્ષ વીત્યું, અનેક વર્ષો પણ વીતશે, તમારી યાદ અમ અંતરમાં, આજીવન મહેકશે.
દર્પણ રજનીકાંત બુચ
સૌ. જિજ્ઞા દર્પણ બુચ
નિસર્ગ દર્પણ બુચ

# શહેરમાં વાઈબ્રન્ટના પોલીસ બંદોબસ્તનું ૧૦ દિવસ રિહર્સલ

## ૧૫ ડિસે.થી ૨૫ ડિસે. સુધી બંદોબસ્તમાં મુકાયેલી વિવિધ જિલ્લાઓની પોલીસને તબક્કાવાર ડ્યુટી પોઈન્ટ સોંપાશે : સુરક્ષા માટે બંદોબસ્તની માઈક્રોલેવલે સ્કીમ બનાવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૭ને પગલે ગાંધીનગરમાં વીવીઆઈપી મહાનુભાવો પધારશે. તેમની સુરક્ષા અને સલામતિને પગલે માઈક્રો લેવલે પોલીસ બંદોબસ્તની સ્કીમ તૈયાર કરવામાં આવી છે. જાન્યુઆરીમાં બંદોબસ્ત માટે આવનાર વિવિધ જિલ્લાઓની પોલીસને તબક્કાવાર ૧૫ ડિસે.થી ૨૫ ડિસે. દરમ્યાન ગાંધીનગર બોલાવવામાં આવશે અને તેમને ડ્યુટી પોઈન્ટ સોંપીને બંદોબસ્તનું રિહર્સલ કરવામાં આવશે.

ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહેસાણા, ભરૂચ, ખેડા સહીતના વિવિધ જિલ્લાઓમાંથી વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્ત માટે હજારો પોલીસ ગાંધીનગરમાં મુકવામાં આવશે. જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ સમિટને પગલે મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સેન્ટર પર વીવીઆઈપી મહેમાનો, નેતા, અભિનેતાઓ અને બિઝનેસમેન મુલાકાત લેશે. તમામ વીવીઆઈપી મહેમાનો સલામતીને માટે પોલીસે બે મહિનાથી અભ્યાસ કરીને માઈક્રો

● અનુસંધાન પાન-૭ પર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com